# રાજકોટ મહાનગરપાલિકા

આવાસ યોજના વિભાગ, ડો. આંબેડકર ભવન, બીજો માળ, રૂમ નં. ૨,

ઢેબરભાઇ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧ ફોન નં. ૦૨૮૧ – ૨૨૨૧૬૧૫


-: અખબારી યાદી:-

## આવાસના હપ્તા પેટે તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૧૫/૦૬/૨૦૨૨ સુધીમાં રૂ.૨૮,૪૪,૩૨,૮૨૦/-ની આવક

તારીખ: ૧૬-૦૬-૨૦૨૨

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ યોજનાઓ અંતર્ગત આજ દિન સુધીમાં ૩૧,૦૦૦ થી વધારે આવાસ બનાવીને લાભાર્થીઓને ફાળવવામાં આવેલ છે. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્માર્ટ ઘર, મુખ્યમંત્રી આવાસ યોજના, BSUP – 1,2,3, રાજીવ આવાસ યોજના, ગુરુજીનગર, ધરમનગર, ૩૦૧૨, હુડકો, વામ્બે અને સફાઈ કામદાર આવાસ યોજનાઓનો સમાવેશ થાય છે.

આવાસ યોજના વિભાગ દ્વારા તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૧૫/૦૬/૨૦૨૨ સુધીમાં રૂ.૨૮,૪૪,૩૨,૮૨૦/- (અઠયાવીસ કરોડ ચુમ્માલીસ લાખ બત્રીસ હજાર આઠસો વીસ પુરા)ની આવક આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ. જ્યારે તા .૦૧/૦૬/૨૦૨૨ થી તા.૧૫/૦૬/૨૦૨૨ સુધીમાં રૂ.૭,૦૮,૩૬,૭૩૯/- ( સાત કરોડ આઠ લાખ છત્રીસ હજાર સાતસો ઓગણચાલીસ પુરા)ની આવક આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ.

તા.૧૫/૦૬/૨૦૨૨ના રોજ એક જ દિવસમાં ૯૦,૭૭,૮૫૧/- (નેવુ લાખ સત્યોતેર હજાર આઠસો એકાવન પુરા)ની આવક આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ.

આસી. મેનેજર<br>
આવાસ યોજના વિભાગ<br>
રાજકોટ મહાનગરપાલિકા